**<u>૪થા અધિક સીવીલ જજ અને જે.એમ.એફ.સી. સાહેબની કોર્ટ, રાજકોટ</u>**
**<u>(શ્રી એ.એમ. ઓઝા સાહેબની કોર્ટ)</u>**

**ફોજદારી કેસ નં.—૮૩૮૮/૨૦૨૦**

**આંક :— ૭**

**શ્રી સરકાર ....... ફરીયાદી**

**વિરૂઘ્ધ**

**પીયુષ માનસીંગભાઈ ઝરીયા ....... આરોપી**

**ચાર્જ :— <u>આઈ.પી.સી ની કલમ — ૨૬૯ મુજબ</u>**

## <u>—:: ચુકાદો ::—</u>

(૧) સદર કામનું કેસ રેકર્ડ આજરોજ હાથ પર લઈ વંચાણે લીધુ. આરોપી સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરેલ. આરોપીનો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયેલ છે. આરોપીને ભા.ફો.અ.ની કલમ — ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

(૨) ઉપરોકત ગુન્હા અંગે આંક — ૫ મુજબ આરોપીની પ્લી લેતા, આરોપીએ તેમનો ગુન્હો કબુલ કરી, આંક — ૬ થી ગુન્હા અંગે લેખિતમાં કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે. ગુન્હા બદલ તેઓને ઘણોજ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે, તેથી ભવિષ્યમાં આવો ગુન્હો નહીં બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી, છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈછીક હોઈ તે નોંઘી પરંતુ આરોપીની સદરહું કબુલાત તેમની વિરૂઘ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરેલ છે. તેવી કોર્ટે ખાત્રી કરેલ છે. આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજય —/ વિરૂઘ્ધ /— નટવર હરચંદથી ઠાકોર,

જી.એલ.આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપી/ઓ કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે. તથા તેઓનો આ પ્રથમ ગુન્હો છે. આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતીને ધ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપીની આ કબુલાત સ્વીકારુ છું અને આરોપીને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવું છું. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ધ્યાને લેતા, આરોપીને યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાઈ રહેશે તેમ માનું છું. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>– :: હુકમ ::–</u>

૧. આ કામના આરોપીને આઈ.પી.સી.કલમ એકટની કલમ –૨૬૯ મુજબ સી.આર.પી.સી. કલમ – ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવુ છું. અને સદર ગુના સબબ આરોપી **પીયુષ માનસીંગભાઈ ઝરીયા** ને રૂા.૧૦૦/– અંકે રૂપીયા <u>સો</u> નો દંડ ફરમાવવાનો હુકમ કરુ છું. જો આરોપી દંડની રકમ ન ભરે તો દીન –૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૦ માહે જૂલાઈ સને ૨૦૨૧ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.
તારીખ ૧૦/૦૭/૨૦૨૧

**(એ.એમ.ઓઝા)**
**૪થા અધિક સીવીલ જજ,**
**અને જે.એમ.એફ.સી.,**
**રાજકોટ**